## Official Spokesperson’s response to media queries on allegations by Pakistan regarding Indian forces targeting a U.N. vehicle

**December 20, 2020**

## ભારતીય સૈન્ય દ્વારા એક યુ.એન. વિહિકલને ટારગેટ કરવાના સંદર્ભમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલ આરોપ બાબતે મીડિયાની પૂછપરછ નો અધિકૃત વક્તા દ્વારા પ્રતિભાવ

ડિસેમ્બર ૨0 2020

ભારતીય સૈન્ય દ્વારા એક યુ.એન. વિહિકલ ને ટાર્ગેટ કરવાના સંદર્ભમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલ આરોપ બાબત મીડિયા ની પૂછપરછ નો પ્રતિભાવ આપતા અધિકૃત વક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવ દ્વારા જણાવવામાં આવ્યું કે:

૧૮ ડિસેમ્બર 2020 ના રોજ ભારતીય સેના દ્વારા યુ.એન. વિહિકલ ને જાણીજોઈને ટાર્ગેટ કરવાના પાકિસ્તાનના આરોપો ની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી છે અને તે હકીકતની રીતે ખોટું જણાયેલ છે. અમારી આગળની હરોળની ટુકડીને યુ.એન. મિલિટરી ઓબ્ઝર્વર દ્વારા આ વિસ્તાર ની મુલાકાતની જાણ હતી અને જે પ્રમાણે આરોપ કરવામાં આવેલ છે તેવું કોઈ ફાયરિંગ કરેલ નથી.

ભારત વિરુદ્ધ પાયાવિહોણા અને ઉપજાવી કાઢેલા આરોપ નું પુનરાવર્તન કરવાને બદલે પાકિસ્તાન દ્વારા યુ.એન ના વ્યક્તિઓ ની સુરક્ષા અને સિક્યૉરિટી સુનિશ્ચિત કરવામાં થયેલ પોતાની નિષ્ફળતાને ઢાંકવા માટે પાકિસ્તાને પોતાની ખામીઓ બાબતે જવાબદારીપૂર્વક તપાસ કરવી જોઈએ. ભારતે આ સંદર્ભે થઈ રહેલ ખોટી રજૂઆત બાબતે પોતાના તારણો અને મંતવ્યો પાકિસ્તાન ના પક્ષને જણાવી દીધેલ છે.

ન્યુ દિલ્હી
ડિસેમ્બર ૨0 2020

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.